કેનાલ પાસે મૃતદેહ અને ધાવટ ગામેથી બાઈક મળતા રહસ્ય ઘેરાયું

## ગૂમ યુવાનનો બાંધેલી હાલતમાં મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) કરજણ, તા.23

કરજણ તાલુકાના કુરાલી ગામેથી થોડા દિવસો અગાઉ ગુમ થયેલા કનકસિંહ ચૌહાણનો મૃતદેહ નર્મદા કેનાલ પાસેથી મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે, અને પોલીસ માટે એક ગૂઢ રહસ્ય ઉકેલવાનો પડકાર ઊભો થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કુરાલી ગામના કનકસિંહ ચૌહાણ થોડા દિવસો પહેલા ગુમ થયા હતા, જે અંગેની ફરિયાદ કરજણ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. પરિવારજનો અને પોલીસ દ્વારા તેમની શોધખોળ ચાલી રહી હતી. આજે, શોધખોળ દરમિયાન કુરાલી ગામ પાસે આવેલી નર્મદા કેનાલ નજીકના ઝાડી-ઝાંખરામાંથી કનકસિંહનો મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતદેહની સ્થિતિ અત્યંત ગંભીર અને શંકાસ્પદ હતી. મૃતદેહ લોહીલુહાણ હાલતમાં હતો, તેનું મોં કોથળા વડે બાંધેલું હતું, અને હાથ કાથીની દોરી વડે બાંધેલા હતા. આ દ્રશ્ય જોતાં જ કોઈ અનિષ્ટ બન્યું હોવાની આશંકા દ્રઢ બની હતી. ઘટનાની જાણ થતાં જ કરજણ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે મૃતદેહનો કબજો લઈ તેને પોસ્ટમોર્ટમ અર્થે કરજણ સામુહિક આરોગ્ય હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ






જાણી શકાશે. જોકે, મૃતદેહની હાલત જોતાં આત્મહત્યાની શક્યતા ઓછી અને હત્યાની શક્યતા વધુ જણાઈ રહી છે.

આ ઘટનામાં વધુ એક ચોંકાવનારી વિગત એ છે કે, મૃતક કનકસિંહની બાઈક કરજણ તાલુકાના ધાવટ ગામેથી મળી આવી હતી. આ બાબત પણ રહસ્યને વધુ ઘેરું બનાવે છે. કનકસિંહનો મૃતદેહ એક જગ્યાએથી મળવો અને તેમની બાઈક અન્ય સ્થળેથી મળવી, તે કોઈ ગુનાહિત કૃત્ય તરફ ઈશારો કરે છે.

પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દીધી છે. મૃતદેહની હાલત, બાઈકનું અલગ સ્થળેથી મળવું, અને ગુમ થયા બાદની ઘટનાક્રમ - આ તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે આત્મહત્યા અને હત્યા બંને દિશામાં તપાસ ચલાવી રહી છે, પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ હત્યાની શક્યતા વધુ પ્રબળ બની રહી છે.

આ ઘટનાએ કુરાલી ગામ સહિત સમગ્ર કરજણ પંથકમાં ભય અને શોકની લાગણી પ્રસરાવી છે. લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આ કોઈ અંગત અદાવતનું પરિણામ છે કે પછી કોઈ અન્ય કારણોસર આ કરુણ ઘટના બની છે. પોલીસની તપાસ બાદ જ આ રહસ્ય પરથી પડદો ઉંચકાશે અને સત્ય બહાર આવશે. આશા છે કે પોલીસ ઝડપથી આ કેસનો ભેદ ઉકેલી ગુનેગારોને કાયદાના કઠેડામાં ઉભા રાખશે.

મુખ્ય આરોપી શૈલેષ વસાવા સહિત ૫ સાગરિતોની ધરપકડ

## શિનોર હનીટ્રેપ/બ્લેકમેલિંગ કેસમાં વધુ 5 આરોપી જેલભેગા, કુલ 28 લાખ કબજે

**શિનોર** પોલીસની મોટી સફળતા: ગાડી અને રોકડ સહિત લાખોની મતા જપ્ત

(પ્રતિનિધિ) શિનોર, તા.23

શિનોર પોલીસ મથકે તારીખ 6 ફેબ્રુઆરી 2026 ના રોજ શિનોરના ફરિયાદી હરેશ રણછોડ પટેલે 9 આરોપીઓ સામે રૂપિયા 75,75,550 બ્લેકમેલિંગ કરી લઈ ગયા ની ફરિયાદ કરી હતી. જેની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. ડી.આર. ભાદરકા કરી રહ્યા હતા.તથા બે આરોપી અનવર મન્સૂરી અને સલીમ ઉર્ફે બતક ની ધરપકડ કરી રિમાન્ડ દરમિયાન 4,18,000 નો



મુદ્દામાલ કબજે કર્યો હતો.પછી આરોપી આશિક સિકંદર પઠાણ જેના હાથે આ તમામ રૂપિયા અપાયા હતા તેની ધરપકડ કરી રિમાન્ડ દરમિયાન 14 લાખનો રોકડ સહિત મુદ્દા માલ કબજે કર્યો હતો. ચોથા આરોપી આશિક પઠાણનો પુત્ર અશફાક પઠાણને રિમાન્ડ પુરા થતાં જામીન પર મુક્ત થયેલ હતો.

રિમાન્ડ દરમિયાન શૈલેશ વસાવા પાસેથી 2,13,000 ની લકી, રૂપિયા 5 લાખની ગાડી 40,000 રોકડા તથા 3 લાખના ઘરેણા સીઝ કરવામાં આવેલ છે. આમ અત્યાર સુધી કુલ રૂપિયા 28,68,000 રીકવર થયા. રિમાન્ડ દરમિયાન ખુલેલા અન્ય પાંચ આરોપીઓ જેમાં આકાશ વસાવા (મનીષા નો બનેવી ), પ્રકાશ વસાવા (સહેલીનો પતિ), હરદીપસિંહ ધરીયા (મનીષાનો ભાઈ), નિશાબેન વસાવા (મનીષા ની સહેલી), લક્ષ્મીબેન ઠાકોર પટેલ (મનીષાની માતા) શિનોર પોલીસે ઝડપી પાડી 16,500 નો મુદ્દા માલ અને એક મોબાઈલ જપ્ત કરેલ છે. મુખ્ય આરોપી મનીષા ઉર્ફે શાંતાબેન પકડવાની બાકી છે.

ઘટના સ્થળે ટ્રેપ કેમેરા અને પાંજરા ગોઠવી દીપડાને પકડવા તજવીજ તેજ

## નાની રાસલી ગામે ચાર વર્ષની બાળકી પર દીપડાનો હુમલો, વિસ્તારમાં ભયનો માહોલ

**જેતપુરપાવીમાં** દીપડાના હુમલાથી ફફડાટ, ઈજાગ્રસ્ત બાળકીને સારવાર માટે બોડેલી ખસેડાઈ

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.23

છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી તાલુકાના નાની રાસલી ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં ચાર વર્ષની બાળકી પર દીપડાએ હુમલો કર્યો હતો.

મળતી માહિતી અનુસાર, ધ્રુવિશાબેન સુરેશભાઈ રાઠવા નામની બાળકી સાંજે લગભગ





સાડા સાત વાગ્યે પોતાના ઘરની પાછળના વાડામાં રમી રહી હતી. તે દરમિયાન તે હાથ-પગ ધોઈ રહી હતી ત્યારે અચાનક પાછળથી દીપડાએ હુમલો કર્યો અને બાળકીને પકડીને વાડામાં ખેંચી ગયો.

આ દરમિયાન બાળકીના પિતાની નજર ઘટનામાં પડતાં તેઓએ બૂમાબૂમ કરતા દીપડો બાળકીને છોડીને ભાગી ગયો હતો. તરત જ પરિવારજનો દ્વારા બાળકી ને જેતપુરપાવી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવી. ત્યારબાદ વધુ સારવાર માટે તેને બોડેલી રિફર કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. દીપડાને પકડવા માટે પીંજરા ગોઠવવામાં આવ્યા છે તેમજ ટ્રેપ કેમેરા પણ લગાવવામાં આવ્યા છે જેથી તેની હલચલ પર નજર રાખી શકાય. આ બનાવને કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો છે અને લોકોમાં ડર ફેલાયો છે. ગ્રામજનો દ્વારા વન વિભાગને દીપડાને વહેલી તકે પકડવા માંગ કરવામાં આવી રહી છે.

## પાદરા ફુલબાગ જકાતનાકા પાસે ડમ્પર-બાઈક અકસ્માતમાં રણુ ગામના આધેડનું મોત

**પાદરા-જંબુસર** હાઇવે રક્તરંજિત: ફુલબાગ પાસે ડમ્પરનો કહેર, બાઈકચાલકનું મોત

(પ્રતિનિધિ) પાદરા.તા.24

પાદરા-જંબુસર હાઈવે પર ફુલબાગ જકાતનાકા નજીક ડમ્પર અને મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈકચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતની ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી દીધી હતી.

મળતી માહિતી મુજબ, રણુ ગામના દિલીપભાઈ






છીતાભાઈ પટેલ મોટરસાયકલ લઈ ફૂલબાગ જકાતનાકા ચાર રસ્તા પાસે થી સરદાર પટેલ માર્કેટ તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે ફુલબાગ જકાતનાકા પાસે રોડ પર ડમ્પર સાથે અકસ્માત થયો હતો. અને મોટરસાયકલ ડમ્પર નીચે આવી જતા દિલીપભાઈનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું.

અકસ્માત બાદ સ્થળ પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં પાદરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ડમ્પર નીચે ફસાયેલા મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે પાદરા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ડમ્પર ચાલક ની અટકાયત કરી અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રી રામદેવજી મહારાજના નૂતન મંદિરનો વાસ્તુપૂજન અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**જય બાબારીના** નાદથી ગુંજ્યું મંજુસર: રામદેવજી મહારાજની ભવ્ય શોભાયાત્રા અને યજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ) સાવલી, તા.23

આજરોજ મંજુસર ગામે શ્રી રામદેવજી મહારાજ ના નિજમંદિર નું વાસ્તુપૂજન રાખવામાં આવ્યું હતું જેમાં વિવિધ માંગલિક પ્રસંગો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સૌ પ્રથમ રામદેવજી મહારાજ ના નિજમંદિર નું વાસ્તુપૂજન સવારે 9 કલાકે કરવામાં આવ્યું હતું ત્યારબાદ ભવ્ય શોભાયાત્રા વાઘેલા ફળિયા



ખાતે નીકળીને ભારે ધામ ધૂમ થી ગામના મુખ્ય માર્ગો પર નીકળી હતી રામદેવજી મહારાજની શોભાયાત્રા માં મોટી સંખ્યામાં ભક્તો અબીલ-ગુલાલનીસાથે રામદેવજી ની શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે મંદિરનું અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.અને યજ્ઞનો પ્રારંભ થયો હતો ત્યારબાદ 11 વાગે ભગવાન નો ધાન્યદિવસ તથા પુષ્પાધિવાસ નું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ સાંજે 5 કલાકે શ્રીફળ હોમવાનો અને મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું જ્યારે રાત્રે 10 કલાકે રામદેવજી મહારાજ નો અન્નકૂટ તથા પાઠ નું આયોજન કરવામાં આવેલ છે ગામમાં ઉત્સવ અને ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

મંજુસર ગામે રામદેવજી મહારાજના નવા મંદિરના નિર્માણથી સ્થાનિક રજપૂત સમાજ અને અન્ય ભક્તોમાં ભારે હર્ષની લાગણી જોવા મળી રહી છે.આ પ્રસંગે આજુ બાજુ ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સૌ ભાવિક ભક્તો એ દર્શનનો અને મહાપ્રસાદનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી અને સમગ્ર વાતાવરણ રામદેવજી મહારાજ મય બની ગયું હતું.

ડભોઇ: સેન્ટ્રલ યુનિવર્સિટીમાં મોટી લાપરવાહી

## સી.યુ.જીમાં એકસપાયરી ડેટની બોટલ ચઢાવતા વિધાર્થીઓમાં રોષ





(પ્રતિનિધિ) ડભોઇ, તા.23

વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકા ના કુંઢેલા મા આવેલ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત માં ફુડ પોઈઝનિંગ બાદ વિધાર્થીઓ ની તબિયત બગડી હતી જે બાદ યુનિવર્સિટીના હોસ્પિટલમાં વિધાર્થીઓ ને તબીબી સારવાર માટે દાખલ કરવા મા આવેલ જયાં વિધાર્થી ને જે બોટલ ચઢાવવામાં આવેલ તે એકસપાયરી ડેટ નો હોવાનું જાણવા મળ્યું કહે છે અડધો બોટલ ચઢી ગયા પછી તબીબો નુ ધ્યાન દોરતા હાજર તબીબ ડો.પ્રાચીલ શાહ ને રજૂઆત કરવામાં આવી ત્યારે ડોક્ટર દ્વારા ઉડાઉ જવાબ આપી એમાં તો માત્ર પાણી છે વિધાર્થીઓ ઓ એ ડો.પ્રાસીલ શાહ અને નર્સ શ્વેતા ઝાલા સામે ભારે આક્રોશ વ્યક્ત કરેલ વિધાર્થીઓ ના રોષ ને જોઈ મેનેજમેન્ટ ધ્વારા તબીબ અને નર્સ સામે તપાસ કમિટી બેસાડી તપાસ પુરી ના થાય ત્યાં સુધી તબીબ અને નર્સ ને ફરજ મોકુફ કરવામાં આવેલ છે સી.યુ.જી અવારનવાર વિવાદ માં રહે છે.

વડોદરામાં પત્રકાર પરિષદમાં ગંભીર કલમો સામે વિરોધ

## ડભોઈમાં પાટીદાર સમાજના એટ્રોસિટીની કલમ દૂર કરવા શ્રી સરદાર પટેલ સેવા દળની માંગ

**પાટીદાર** સમાજમાં વિખવાદ પાડવાનું કાવતરું

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

ડભોઈ પંથકમાં થયેલી મારામારી બાદ નોંધાયેલી પોલીસ ફરિયાદ મામલે શ્રી સરદાર પટેલ સેવા દળ મેદાનમાં આવ્યું છે. સંસ્થા દ્વારા વડોદરામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં આક્ષેપ કરાયો છે કે રાજકીય અદાવત રાખીને આ કેસમાં જાણીજોઈને 'એટ્રોસિટી'ની ગંભીર કલમોનો ઉમેરો કરવામાં આવ્યો છે. સેવા દળના અગ્રણીઓએ



જણાવ્યું કે, ચૂંટણીના માહોલમાં અંગત અને રાજકીય સ્વાર્થ માટે સમાજના જ લોકો સામસામે આવ્યા છે. આવી કલમો લગાવવાથી પાટીદાર સમાજમાં કાયમી વેરઝેર અને વિખવાદ ઊભો થવાની ભીતિ છે. સત્તા તો આવતી-જતી રહેશે, પરંતુ સમાજની એકતા જળવાઈ રહેવી જરૂરી છે. સંસ્થાએ માંગ કરી છે કે આ ફરિયાદમાંથી એટ્રોસિટીની કલમો તાત્કાલિક રદ કરવામાં આવે અને મામલાને લોકશાહી ઢબે ઉકેલવામાં આવે. જો આ વિખવાદ ન અટક્યો તો ભવિષ્યમાં સામાજિક એકતા જોખમાઈ શકે છે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે. આ મુદ્દે હવે પોલીસ અને વહીવટી તંત્રની ભૂમિકા મહત્વની બની રહેશે.

માંજલપુરમાં પાણીની લાઇન તૂટતા ઘરોમાં પડી તિરાડો

## ગેસ લાઈનના ખોદકામમાં બેદરકારી, બે મકાનો ધરાશાયી થવાની કગાર પર

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા હવેલી ફળિયામાં ગેસ લાઈનની કામગીરી દરમિયાન તંત્રની ગંભીર બેદરકારી સામે આવતા ભારે ચકચાર મચી ગઇ છે. ગેસ લાઈનની પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન નજીકમાંથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. આ પાણીના દબાણને કારણે બે રહેણાંક મકાનો પાયામાંથી હલી ગયા છે અને હાલ આ મકાનો ધરાશાય થવાની કગાર પર હોવાથી રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



મળતી માહિતી મુજબ, હવેલી ફળિયામાં છેલ્લા કેટલાક દિવસોથી ગેસ લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું હતું. આ કામગીરી દરમિયાન જેસીબી મશીન દ્વારા અંધાધૂંધ ખોદકામ કરવામાં આવતા જમીનમાં રહેલી મુખ્ય પાણીની પાઈપલાઈન તૂટી ગઈ હતી. પાઈપલાઈનમાંથી હજારો લિટર પાણીનો પ્રવાહ બહાર આવતા રસ્તા પર નદી જેવી સ્થિતિ સર્જાઇ હતી. સતત વહેતા પાણીને કારણે મકાનોના પાયાની આસપાસની જમીન પોચી પડી ગઈ હતી.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાણીના ભારે પ્રવાહને કારણે જમીન બેસી જતાં બાજુમાં આવેલા બે મકાનોની દીવાલોમાં મોટી તિરાડો પડી ગઈ છે. મકાનો એક તરફ નમી ગયા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ જોખમી પરિસ્થિતિને જોતા પરિવારોને તત્કાલ મકાન ખાલી કરવાની ફરજ પડી છે. પોતાની આખી જીંદગીની કમાણીથી બનાવેલા ઘર આ રીતે આંખ સામે જોખમમાં મુકાતા પરિવારોની આંખોમાં આંસુ આવી ગયા હતા.

આ સમગ્ર મામલે રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, ગેસ લાઈનના કામ દરમિયાન કોઈ પણ પ્રકારના નકશા કે તકેદારી રાખવામાં આવી નથી. સ્થાનિક કોર્પોરેટર અને ગેસ એજન્સીના જવાબદાર અધિકારીઓને વારંવાર જાણ કરવા છતાં પણ કામગીરીમાં સાવચેતી રાખવામાં આવતી નહોતી.

## ચૂંટણી પૂર્વે ઉમરાયા અને ડભાસા જેવા સંવેદનશીલ ગામોમાં સઘન ફૂટ પેટ્રોલિંગ

**ચૂંટણીલક્ષી** સુરક્ષા વ્યવસ્થા: પાદરા પોલીસે ગામના આગેવાનો સાથે બેઠક યોજી શાંતિ જાળવવા કરી અપીલ

(પ્રતિનિધિ) પાદરા, તા.23

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પાદરા પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર પી.વી. ગોહિલના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી



અતિસંવેદનશીલ અને સંવેદનશીલ ગણાતા ઉમરાયા તથા ડભાસા ગામોની મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન ગામના આગેવાનો સાથે બેઠક યોજી આગામી ચૂંટણી શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે પૂર્ણ થાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા ગામના આગેવાનોને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો તેમજ ચૂંટણી દરમિયાન અફવા, ઝઘડા કે ગેરસમજ ટાળવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

ત્યારબાદ બંને ગામોમાં પોલીસ જવાનો, GRD સભ્યો અને હોમગાર્ડના જવાનો સાથે સંયુક્ત ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન ગામના મુખ્ય વિસ્તારો અને મતદાન મથકોની આસપાસ સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પોલીસની આ કામગીરીથી સ્થાનિકોમાં સુરક્ષાની લાગણી મજબૂત બની હતી અને ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે પોલીસ તંત્ર સજ્જ હોવાનું સ્પષ્ટ થયું હતું.

### આરોગ્ય કેન્દ્રમાં નિશુલ્ક ટીબીના દર્દીઓને એક્સરે કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ) બોડેલી, તા.23

છોટાઉદેપુર જિલ્લામાં ટીબી મુક્ત ના આશયથી વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં દીપક ફાઉન્ડેશન દ્વારા નિશુલ્ક કેમ્પ યોજી લોકોના આરોગ્ય અને સુખાકારી માટે આરોગ્ય વિભાગ દ્વારા પીડિત તેમજ શંકાસ્પદ દર્દીઓને તપાસ કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

જયારે બોડેલી તાલુકામાં આવેલ માકણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આવતા આસ પાસ ના 22 જેટલા ગામના દિપક ફાઉન્ડેશન દ્વારા નિશુલ્ક ટીબી તેમજ વિવિધ રોગો ના નિષ્ણાંત ડોક્ટર ની ટીમે 103 જેટલા દર્દીઓની તપાસ કરાઈ હતી. આ કેમ્પ માં આંખ ડાયાબિટીસ બ્લડપ્રેશર ટીબી રોગ અને બ્લડ રિપોટ સહિત 103 દર્દીઓની નિશુલ્ક ખર્ચે કેમ્પમાં તપાસ હાથ ધરી હતી.